*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 58

## વાયુ ગુણવત્તામાં સુધારો

SAFAR

- ચર્ચામાં શા માટે ?
- સફર વિશે
- વાયુ પ્રદૂષણ અંગે સફરની માહિતી વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-58નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં COVID-19 (કોરોના વાયરસ)ને નિયંત્રિત કરવા માટે ભારત સરકારના લોકડાઉનના આદેશ પછી દેશના 90 થી વધુ શહેરોમાં વાયુની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સંસ્થા 'SAFAR'ના આકડાં મુજબ તાજેતરના દિવસોમાં દેશનાં ઘણાં શહેરોમાં વાયુ પ્રદૂષણ ઓછી માત્રામાં જોવા મળ્યું હતું.

## સફર વિશે

- SAFAR (સફર)નું પૂરું નામ 'The System of Air Quality and Weather Forecasting and Research' છે. (વાયુ ગુણવત્તા તથા હવામાન આગાહી અને સંશોધન પ્રણાલી)
- સફરની સ્થાપના વર્ષ 2010માં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની પહેલ હેઠળ કરવામાં આવી હતી.
- સફર એ ભારતમાં મહાનગરોના પ્રદૂષણ સ્તર અને હવાની ગુણવત્તાને માપવા માટે શરૂ કરવામાં આવેલી એક રાષ્ટ્રીય પહેલ છે.
- તેનું નિર્માણ, 'ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાન સંસ્થા-પૂણે, ભારતીય હવામાન વિભાગ' અને 'રાષ્ટ્રીય મધ્યમ સમયગાળાના હવામાન આગાહી કેન્દ્ર'ના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- તેનું સંચાલન 'ભારત હવામાન વિભાગ (India Meteorological Department-IMD) દ્વારા કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વાયુ પ્રદૂષણ અંગે સફરની માહિતી વિશે :-

- સફર (SAFAR) પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાંક દિવસોમાં રાજધાની દિલ્હીમાં હવામાં હાજર પાર્ટિક્યુલેટ મેટર (Particulate Matter)ની માત્રામાં 30%નો ઘટાડો થયો છે.
- તેમજ અમદાવાદ અને પૂણેમાં હવામાં હાજર પાર્ટિક્યુલેટ મેટરની માત્રામાં 15%નો ઘટાડો થયો છે.
- ઉપરાંત દેશના જુદાં જુદાં શહેરોમાં હવામાં રહેલા અન્ય પ્રદૂષકો જેવા કે નાઈટ્રોજન ઓકસાઈડ વગેરેની માત્રામાં ઘટાડો થયો છે.
- પૂણેમાં છેલ્લા કેટલાક દિવસોમાં હવામાં હાજર નાઈટ્રોજન ઓકસાઈડની માત્રામાં 43% સુધીનો ઘટાડો નોંધાયો છે. તેમજ મુંબઈમાં 38% અને અમદાવાદમાં 50% નાઈટ્રોજન ઓકસાઈડની માત્રામાં ઘટાડો થયો છે.
- નોંધનીય છે કે દેશમાં COVID-19ના ફેલાવા પર નિયંત્રણ લાવવાના લક્ષ્ય સાથે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 માર્ચ, 2020ના રોજ દેશમાં સંપૂર્ણ લોકડાઉન કરવાની ઘોષણા કરી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT